જેલ બદલી કે અન્યત્ર કોર્ટ ખાતેની મુદત માટે કેદીએ કરવાની થતી લાંબી મુસાફરી દરમિયાનના નિર્વાહ ભથ્થાની રકમમાં સુધારો કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
### ક્રમાંકઃજલક/૩૯૨૦૧૪/૩૭૮૯/જ
### સચિવાલય, ગાંધીનગર.
### તારીખઃ૧૭/૦૮/૨૦૧૫

વંચાણે લીધાઃ

૧. ગૃહ વિભાગના તા.૦૩/૦૮/૧૯૮૨ના ઠરાવ ક્રમાંકઃજલમ/૫૯૮૨/૭૨૩૮/જ

૨. જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદના તા.૨૦/૦૧/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃજ્યુડી/૧/૫૮૬/૨૦૧૫,

પ્રસ્તાવનાઃ

રાજ્યની જેલોના વર્ગ-૨ના કેદીઓને અન્ય જેલ ખાતે બદલવામાં આવે ત્યારે આમુખઃ(૧)માં દર્શાવેલ ઠરાવ મુજબ મુસાફરી દરમિયાન ચૂકવવામાં આવતા નિર્વાહ ભથ્થામાં સુધારો કરી રૂ.૩/-નું નિર્વાહ ભથ્થું મંજૂર કરવામાં આવેલ. પ્રવર્તમાન સમયે ભાવોમાં થયેલ વધારાને ધ્યાનમાં લઇ નિર્વાહ ભથ્થાની રકમમાં વધારો કરી એક ટંકના રૂ.૨૫/- મંજૂર કરવા તેમજ પ્રસ્તુત નિર્વાહ ભથ્થામાં કેદીને કોર્ટ જાપ્તા સાથે લાંબી મુસાફરી એટલે કે રાજ્ય બહારની મુસાફરી માટેનું નિર્વાહ ભથ્થું ચૂકવવા માટેની આમુખઃ(૧)ના ઠરાવમાં કોઇ જોગવાઇ થયેલ ન હોઇ રાજ્ય બહારની કોર્ટ ખાતેની મુદત માટે કરવામાં આવતી લાંબી મુસાફરીનો પણ સમાવેશ કરી લેવા જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી દ્વારા આમુખઃ(૨)થી જરૂરી દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવઃ

જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીની ઉક્ત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વક વિચારણા કરી કેદીને ચૂકવવામાં આવતા પ્રવર્તમાન નિર્વાહ ભથ્થાની એક ટંક માટેની રકમ રૂ.૩/-માં સુધારો કરી, કેદીની જેલ બદલી તથા જાપ્તાપાર્ટી સાથે કેદીની અન્યત્ર કોર્ટ ખાતેની મુદત દરમિયાનની લાંબી મુસાફરી માટે પૂરા પાડવાના રહેતા આહાર માટેના નિર્વાહ ભથ્થાની એક ટંક માટેની રકમ રૂ.૨૫/- (અંકે રૂપિયા પચ્ચીસ પૂરા)ને આથી, મંજૂરી આપવામાં આવે છે.

પ્રસ્તુત ઠરાવ સમાનાંકી ફાઇલ પરની નોંધ પર નાણાં વિભાગની તા.૩૧/૦૭/૨૦૧૫થી મળેલ મંજૂરીને સરકારશ્રી દ્વારા મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.જયશંકર ઓધવાણી)
સરકારના ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૨, સચિવાલય, ગાંધીનગર

- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- એકાઉન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- નાણાંકીય સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય
- આચાર્ય, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ
- સર્વે જેલ અધિક્ષકશ્રી (જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફત)
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.
- સિલેક્ટ ફાઇલ,